ગાંધીનગર સમાચાર

**સેકટર-૩-ડીની સમસ્યાઓની તંત્ર સમક્ષ રજૂઆત**

## @ગાંધીનગર

● અર્બન હેલ્થ સેન્ટર અને આરોગ્ય શાખા મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન સરકારી દવાખાનું સે-૨ ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે.

● સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે હોળી અને ધૂળેટીની ઉજવણી નિમિત્તે નગરની પ્રાથમિક શાળાના બાળકો સાથે વાર્તાલાપ, ગુલાબ-ચંદન, કેસુડાના રંગ અને કંકુ તિલક કરી શુભેચ્છા પાઠવવામાં આવશે.

● સે-૨૮ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી દ્વારા બપોરે ૧૨ કલાકે વેલ્યુ બેઝડ જર્નાલીઝમ વિષય ઉપર વ્યાખ્યાન યોજાશે.

● તમાકુ, વ્યસન, મસા અને પથરીના રોગો માટે હોમિયોપેથિક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ હોમિયોપેથિક કેમ્પ તા. ૨૨મી માર્ચને મંગળવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન જિલ્લાના મોટી આદરજ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાશે. આ કેમ્પનો લાભ લેવા જિલ્લા પંચાયતના આયુર્વેદ અધિકારી ડૉ. બી.ટી. પટેલે અનુરોધ કર્યો છે.

# રાયપુર કેનાલમાં પ્રેમી પંખીડાનો આપઘાત

## એક જ દિવસમાં રાયપુર કેનાલમાં પાંચ વ્યકિતની મોતની છલાંગ : બે ના મોત : ત્રણના જીવ બચાવી લેવાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની આસપાસમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં છેલ્લા ઘણા સમયથી આપઘાતના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે આજે ગાંધીનગરની આસપાસની રાયપુલ કેનાલ અને સુઘડ કેનાલમાં આત્મ હત્યાના ૩ જુદા જુદા બનાવોમાં ત્રણના મોત થવા પામ્યા છે. જયારે ત્રણના જીવ બચાવી લેવામાં આવ્યા હતા. આ આપઘાતના બનાવોમાં બે પ્રેમી પંખીડાએ મોતને વ્હાલુ કર્યું છે. આ મામલે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**જિલ્લામાં ચાર જુદા જુદા અપમૃત્યુના બનાવોમાં ચારના મોત**

ગાંધીનગર નજીકના રાયપુર ગામમાંથી નર્મદાની કેનાલ પસાર થાય છે. જયાં આજે સવારે કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણભાઈ પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે સવારના બાર વાગ્યાના સમયે બે મૃતદેહ પાણીમાં તરતા નજરે પડયા હતા આથી તુરંત ડભોડા પોલીસે બનાવ સ્થળે દોડી આવી બંને મૃતકોના મૃતદેહને પાણીમાંથી બહાર કઢાવ્યા હતા અને તપાસ કરતા નરોડામાં રહેતા ૩૨ વર્ષીય દશરથ કનુભાઈ પંચાલ અને સોવાલીયાની ૨૫ વર્ષીય તમ્મનાબાનુ સબ્બીરમિયા ઠાકોરે એકબીજાના હાથ પર દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ બંને પ્રેમી પંખીડાઓ એ એક દિવસ અગાઉ આત્મહત્યા કરી હોવાનું માનવામાં આવે છે. આ અંગે મહેશ કનુભાઈ પંચાલની ફરિયાદના આધારે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાયપુર નર્મદા કેનાલના પાણીમાં આજે સવારના સમયે વધુ એક આપઘાતની કોશિશ થઈ હતી જેમાં ગલુદણ ગામની માતાએ બે પુત્રો સાથે આવી કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી. જો કે આસપાસના ગ્રામજનો અને કેનાલ સિકયુરીટીએ પાણીમાં તુરંત જ કુદી માતા અને તેના બંને પુત્રના જીવ બચાવી લેવામાં આવ્યા હતા અને આપઘાત કરવા આવનાર મહિલાના પરીવાજનોને બોલાવી તેમની સાથે મોકલી આપવામાં આવીહ તી. જો કે આ બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ થવા પામી નથી.

## વાતવાતમાં

● શહેરમાં સાયકલ શેરીંગ પ્રોજેકટનો શુભારંભ થતા શહેરમાં આજે રોનક જોવા મળી હતી.

● મીની વેકેશનને પગલે શહેર સુમસામ લાગશે. રજાનો લાભ હોવાથી કર્મચારીઓ પોતાના વતનમાં હોળીનો ઉત્સવ ઉજવશે.

● શહેરમાં નાગરિકો અત્યારે એકબીજાને તમારે ત્યાં કયા દિવસે હોળી પ્રગટાવવામાં આવશે તેવી પુછપરછ કરતા જોવા મળે છે.

● શહેરના બજારોમાં પીચકારી અને રંગોની ખરીદી કરતા નગરજનો નજરે પડે છે. ધાણી, ખજુર, પીચકારીની ખરીદીમાં પણ ભારે ભીડ જામી રહી છે.

## આજે ટાઉનહોલ ખાતે 'શેતલને કાંઠે' નાટક યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર કોર્પોરેશન દ્વારા તા. ૨૨મી માર્ચને મંગળવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'શેતલને કાંઠે'નું આયોજન કરવામાં આવ્યું છે.

યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની સ્પર્ધામાં વિજેતા બનેલા ગાંધીનગરના કલાકારો દ્વારા સ્વનિર્મિત અને પાલાદાન ગઢવી દિગ્દર્શિત 'શેતલને કાંઠે' નાટકને ગાંધીનગર કોર્પોરેશન દ્વારા બીરદાવવામાં આવતા નાટકના શૉનું આયોજન કરાયું છે. આ નાટકમાં મહાનગરપાલિકાના મેયર હંસાબેન મોદી, અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીના ચેરમેન આશિષકુમાર દવે, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન રાકેશકુમાર પટેલ, મનપાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, શાસક પક્ષના નેતા ગોવિંદભાઈ પરમાર, મનપા પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા ઉપસ્થિત રહેશે.

## દોલારાણા વાસણા ગામે ખેડૂતનો ગળે ફાંસો ખાઈ આપઘાત

**આધેડે ઘરમાં જ પોતાના રૂમમાં મફલર વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીકના દોલારાણા વાસણા ગામે ૪૮ વર્ષીય આધેડે પોતાના જ ઘરમાં વહેલી સવારે છત પરના હુક પર મજબુત મફલર વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી આધેડના મૃતદેહને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દોલારાણા વાસણા ગામે ભરતસિંહ ઈશ્વરસિંહ રાઠોડ ઉ.વ. ૪૮ પોતાની પત્ની, બે પુત્રી અને એક પુત્ર સાથે રહે છે. અને ખેતી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આજે ભરતસિંહ રાઠોડે અગમ્ય કારણોસર પોતાના જ ઘરના રૂમમાં છતના હુક પર મજબુત મફલર બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. થોડા સમય બાદ આધેડની પત્નીએ રૂમમાં આવીને જોતા તેનો મૃતદેહ લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. આથી આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. આ મામલે અડાલજ પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી તેના મૃતદેહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો જેની તપાસ જમાદાર હિરાજી ઘનાજી ચલાવી રહ્યા છે.

## છાલા અને ચરાડા ગામ ખાતે આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકાના છાલા ગામ અને માણસા તાલુકાના ચરાડા ગામ ખાતે આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. છાલા ગામના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા. ૨૩મી માર્ચના રોજ અને ચરાડા ગામના શ્રી કે.જી. હાઈસ્કુલના પ્રાર્થના હોલ ખાતે આગામી તા. ૨૫મી માર્ચના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન આયુર્વેદ મેગા કેમ્પ યોજાશે. આ આયુર્વેદ મેગા કેમ્પમાં જાલંધર બંધ, ડાયાબિટીસ અને વા સહિતના રોગો માટે આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિથી વૈદ્ય નિતીન નાયક, ધર્મેન્દ્ર પટેલ, ફાલ્ગુન પટેલ નિઃશુલ્કપણે સારવાર કરી સેવાઓ આપશે. આ કેમ્પનો લાભ લેવા જિલ્લા પંચાયતના આયુર્વેદ અધિકારી ડૉ. ભાવના પટેલે અનુરોધ કર્યો છે.

# હોળી માટે લાકડા આપવા વન વિભાગનો ઈન્કાર

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટરોમાં વસાહતીઓ દ્વારા હોળી પ્રગટાવવામાં આવે છે. શહેરમાં દર વર્ષે વનવિભાગ દ્વારા હોળી માટે લાકડા રાહતદરે આપવામાં આવતા હતા. પરંતુ આ વર્ષે વનવિભાગના અધિકારીઓએ લાકડા આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરતા હોળીના આયોજકોમાં ચિંતા પ્રસરી જવા પામી છે.રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા હોળી માટે નાગરીકોને લાકડા આપવા માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં હોળીનો ઉત્સવ ઉમંગથી ઉજવાય છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટરોમાં ઠેકઠેકાણે હોળી પ્રગટાવવામાં આવે છે. શહેરમાં ૧૦૦થી વધુ જગ્યાએ હોળીકા દહનનો કાર્યક્રમ યોજાય છે. જેમાં હજ્જારો કવીન્ટલ લાકડાનો ઉપયોગ થાય છે. દર વર્ષે વનવિભાગ દ્વારા રાહતના ભાવે લાકડું પુરુ પાડવામાં આવતુ હતું પરંતુ આ વર્ષે હોળીના આયોજકોને આજે લાકડા આપીએ કાલે લાકડા આપી તેમ કહ્યા બાદ આયોજકો લાકડા લેવા ગયા ત્યારે ના પાડવામાં આવતા આયોજકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેઓને રાંધેજા, પેથાપુર તેમજ ચિલોડાની આસપાસ આવેલા

**વસાહતીઓ હેરાન-પરેશાન**

લાકડાના વેપારીઓ પાસેથી મણના અંદાજીત રૂ. ૪૦ થી ૫૦ ચુકવીને લાકડા લાવવા પડે તેવી પરિસ્થિત ઉભી થવા પામી છે.

તો બીજી તરફ વનવિભાગના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ વનવિભાગ પાસે લાકડાનો સ્ટોક નથી. ચોમાસામાં જે વૃક્ષો ધરાશાઈ થયા હતા તે તમામ વૃક્ષો વનવિભાગ લઈ આવ્યું હતું અને તેની હરાજી કરવામાં આવી હતી જેને લઈ લાખો રુપીયાની કમાણી પણ વનવિભાગને થઈ હતી. ત્યારે શહેરમાં અંદાજીત હોળી માટે ૮૦૦ થી ૧૦૦૦ કવીન્ટલ લાકડાની જરુરીઆત છે ત્યારે વનવિભાગ પાસે આટલો મોટો સ્ટોક લાકડાનો નથી ત્યારે વનવિભાગ પણ મુસીબતમાં મુકાયો છે. રાજધાની વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલે ઉચ્ચકક્ષાએ રજુઆત કરીને શહેરમાં હોળીના આયોજકોને લાકડા તા. ૨૨મી માર્ચના રોજ સવારે આપવામાં આવે તેવી રજુઆત કરી છે. હોળીના લાકડા બજાર કિંમત કરતા ઉંચા ભાવે ખરીદીને વસાહતીઓએ હોળી કરવી પડશે જ્યારે વનવિભાગ પાસે લાકડા ના હોવાથી લાકડાના વેપારીઓ પણ ભાવ વધારો ઝીંકી દીધો છે.

## કડી કેમ્પસના સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા શ્રમજીવી બાળકોને શિક્ષણ પીરસવાનું કાર્ય

ગાંધીનગર, તા.૨૧

કડી સર્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપના મિત્રો દ્વારા અવાર નવાર કેટલીક સામાજીક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. હાલમાં ગૃપના મિત્રો છોટી છોટી ખુશીયા પ્રવૃત્તિ અંતર્ગત ગરીબ બાળકોને ભણાવવા જેવી પ્રવૃત્તિ કરી રહ્યા છે. જયારે ગૃપ દ્વારા સે-૧૩ સ્લમ એરીયા, આદિવાડા ગામ, બોરીજ ગામના શ્રમજીવી બાળકોને દર શનિવારે બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા શ્રમજીવીઓ પોતાના બાળકોને અત્યાધુનિક શાળાઓમાં શિક્ષણ અપાવી શકતા નથી ત્યારે આવા ગરીબીમાં જીવતા બાળકો શિક્ષણમાં કાચા રહી ના જાય તેવા ઉમદા હેતુથી સર્વ નેતૃત્વ ગૃપના મિત્રો શિક્ષણ પીરસવાનું કાર્ય કરી રહ્યા છે. બપોરના સમયે શરૂ કરવામાં આવેલી સેવાની શાળામાં ૬૦થી વધુ ગરીબ પરિવારના બાળકો અભ્યાસ માટે જોડાયા છે. શ્રમજીવી બાળકોને અભ્સાય દરમિયાન તન્મય પટેલ, રાહુલ સુખડીયા તથા ગૃપના મિત્રો મદદરૂપ બને છે.

## સેકટર-૩-ડીની સમસ્યાઓની તંત્ર સમક્ષ રજૂઆત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૩-ડીમાં અનેક પ્રાથમિક સમસ્યાઓ ઉદભવી છે. જેમાં સોલાર લાઈટ, બાળકો માટેના રમત ગમતના સાધનો, સફાઈ સહિતની સમસ્યાઓનો સમાવેશ થાય છે આ સમસ્યાઓને લઈ વસાહત મંડળ સે-૩ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે. યોગ્ય સમયમાં આ સમસ્યાનું નિરાકરણ કરવામાં નહીં આવે તો આગામી તા. ૨૫ માર્ચના રોજ વસાહત મંડળના પ્રમુખ પ્રતિક ઉપવાસ પર ઉતરશે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટર-૩-ડી ગાર્ડન ખાતે તેમજ મંદિરમાં સોલાર લાઈટ નાંખવામાં આવી હતી પરંતુ આ લાઈટના અજવાળાના ઓજસ માર્ગો પર ઉતરે તેના પહેલા જ બંધ હાલતમાં છે. જયારે તાજેતરમાં રમત ગમતના સાધનો બાળકો માટે મુકવામાં આવ્યા હતા પરંતુ તે પણ માત્ર બે માસના ટૂંકા ગાળામાં તૂટી જવા પામ્યા છે જેને લઈ હલકી ગુણવત્તાના સાધનો હોવાનો સૂર વસાહતીઓમાં ઉઠવા પામ્યો છે. ઉલ્લેખનીય છે કે સે-૩-ડીના ગાર્ડન

**યોગ્ય સમયમાં સમસ્યાઓનો નિવેડો નહીં આવે તો વસાહત મંડળના પ્રમુખ અને મંત્રી ઉપવાસ કરશે**

ખાતે શૌચાલય બનાવવાની પેરવી ચાલી રહી છે જે યોગ્ય નથી કારણકે આ શૌચાલયથી ગાર્ડનમાં ગંદકીનું પ્રમાણ વધશે અને ગાર્ડનમાં રમવા માટે આવતા બાળકોને અને ચાલવા માટે આવતા સિનીયર સિટીઝનો આ ગંદકીને લઈ હેરાન પરેશાન થઈ જશે જેને પગલે હાલ શૌચાલયની કામગીરી અટકાવવી અનિવાર્ય બની છે. તંત્ર દ્વારા અગાઉ વસાહતીઓને દવાખાનું ટૂંક સમયમાં કાર્યરત થશે તેમજ અત્યારના હાલના સમયમાં જે ગાર્ડન છે તે નાનો છે તે મોટો કરવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી પરંતુ મનપાની કામગીરીને પાંચ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે. ટૂંક સમયમાં મનપાની ચૂંટણી આવશે છતાં પણ સેકટર-૩ના પ્રાણ પ્રશ્નોનો નિવેડો આવ્યો નથી. આ તમામ પ્રશ્નોની રજૂઆત વસાહત મંડળ સે-૩ દ્વારા તંત્રને કરવામાં આવી છે. આગામી ૨૫ માર્ચ સુધીમાં યોગ્ય નિર્ણય નહિં કરવામાં આવે તો વસાહત મંડળના મંત્રી નરસિંહભાઈ પરમાર અને પ્રમુખ રાજુભાઈ ભટ્ટ સે-૩ન ગાર્ડનમાં ઉપવાસ પર ઉતરશે.

## સુઘડ કેનાલમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીકના સુઘડ ગામે પસાર થતી નર્મદા કેનાલમાં આજે સવારના સમયે અજાણ્યા આધેડનો મૃતદેહ પાણીમાંથી મળી આવ્યો હતો. આ મૃતદેહ અંગે ગ્રામજનોએ પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહની તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના સુઘડ ગામેથી પસાર થતી નર્મદાની કેનાલમાં આજે સવારના સુમારે કોઈ અજાણ્યા પુરૂષનો મૃતદેહ પાણીમાં તરતો ગ્રામજનોને નજરે પડયો હતો. આથી તુરંત અડાલજ પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી.

અડાલજ પોલીસે બનાવ સ્થળે દોડી આવી મૃતદેહની તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતક પંડિત દેવરામ સોની (ઉ.વ. ૫૦) રહે. ભૂમિ પાર્ક સોસાયટી કૃષ્ણનગર અમદાવાદમાં રહેતા હતા અને રીક્ષા ચલાવતા હતા તેમજ ૩ દિવસ અગાઉ પોતાના ઘરેથી રીક્ષા લઈ નીકળી ગયા હતા અને બાદમાં આજ સવારે ૧૧ વાગ્યાના સમય પહેલા કોઈ પણ સમયે કેનાલમાં છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતું. અડાલજ પોલીસે આ મામલે આત્મહત્યાનો ગુનો નોંધી તેના મૃતદેહને તેના વાલી વારસને સોંપી દીધો હતો. ઘટનાની તપાસ અડાલજ પોલીસ મથકના જમાદાર અરવિંદજી કરી રહ્યા છે.

## બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ સોનિક ટેકનોલોજીની (ઈન્ડિયા)ની ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૨૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત બીબીએ કૉલેજનાં વિદ્યાર્થીઓએ ગાંધીનગર જી.આઈ. ડી. સી. ખાતે આવેલી સર્કિટનાં પ્રોડક્શનમાં ખ્યાતનામ કંપનીની મુલાકાત લઈ મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓએ ઉત્પાદન, વેચાણ તેમજ માર્કેટીંગ, એચ.આર. જેવા કંપની નાં વિવિધ પાસાઓ પર અભ્યાસ કર્યો હતો. કંપનીની શરૂઆત ૧૫ વર્ષ પૂર્વે ગાંધીનગર ખાતે કરાઈ હતી. ટેકનોલોજી ક્ષેત્રે અપગ્રેડ થઈ ગ્રાહકોને સમયસર સેવા તેમજ કવોલિટી ટેસ્ટિંગ અને તેના ધોરણો બાબતે કંપની કેવું કાર્ય કરે છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ૨,૦૦,૦૦૦ સ્કવેર ફુટમાં ફેલાયેલી કંપની સિંગલ, ડબલ તેમજ મલ્ટી લેયર સર્કિટનું ઉત્પાદન કરી રહી છે. મલ્ટી લેયરમાં ૧૦ લેયર સુધીનું ઉત્પાદન કંપની દ્વારા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ વ્યાવસાયિક પ્રશ્નો પૂછ્યા હતા જેનો સંતોષજનક જવાબ તેમને આપવામાં આવ્યો હતો. અત્રે ઉલેખનીય છે કે, બીબીએ કૉલેજનાં ૮૩૫ જેટલા વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન બે વખત ઈંડસ્ટ્રિયલ વિઝિટ કરી જેમાં દેશની ૧૫ જેટલી ખ્યાતનામ ઈંડસ્ટ્રીસનો સમાવેશ થાય છે. જ્યાંથી તેઓ પોતાના અભ્યાસક્રમ સાથે સાથે ઉધોગ, વ્યવસાય, ધંધાકીય તેમજ મેનેજમેન્ટ બાબતે અનેક પ્રેક્ટિકલ બાબતો શીખ્યા અને દરેક વિઝિટ બાદ તેમણે તેનો રિપોર્ટ તૈયાર કર્યો જેમાં અનેક પાસાઓ નો ઉલ્લેખ કરવામાં આવ્યો. કંપની તરફથી સિનિયર ક્વાલિટી મેનેજર નાગભુષણ, જે.વી. જનરલ મેનેજર હિમાંશુ પટેલ તેમજ મેનેજર અકાઉંટ સંધ્યા શંકર દ્વારા ખૂબ સુંદર પ્રતિસાદ આપવામાં આવ્યો હતો. કૉલેજ તરફથી આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટી નાં માર્ગદર્શન હેઠળ હેડ એન્ટર પેન્યોરશીપ સેલ, પ્લેસમેંટ એન્ડ ટ્રેનિંગ ડૉ. જયેશ તન્ના, મેથ્યુ જોન, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

# બાળકોમાં છોટાભીમની પીચકારી હોટ ફેવરીટ

ગાંધીનગર, તા.૨૧

હોળી-ધુળેટીના પર્વને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ગાંધીનગરના યુવાનો તેમજ બાળકો સૌ કોઈ રંગોના પર્વના ઉત્સવને ઉજવવા માટે થનગની રહ્યા છે. ત્યારે બાળકોમાં ખાસ કરીને ધુળેટીના પર્વને લઈ પીચકારીઓનું સવિશેષ મહત્વ હોય છે. ત્યારે આ વર્ષે બજારોમાં છોટાભીમ અને આઈફોન પીચકારીઓ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. ધુળેટીના પર્વને લઈ પીચકારીઓનું બજાર ગરમ છે જેમાં રૂ.૩૦ થી લઈ ૬૦૦ સુધીની વિવિધ વેરાયટી પીચકારીઓ બજારમાં ઉપલબ્ધ છે.જયારે પોતાના બાળકો માટે પીચકારીઓ ખરીદતા વાલીઓ પણ નજરે પડે છે.

ભારતીય સંસ્કૃતિમાં તહેવનારનું વિશેષ મહત્વ રહેલુ છે. ફાગણ મહિનાની પૂનમે ધુળેટીના પર્વ નિમિતે નાના બાળકથી અબાલવૃધ્ધ સૌ કોઈ એકબીજાને રંગબોરંગી ગુલાલથી રંગી ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. હોળી એ અસત્ય પર સત્યની જીતનો તહેવાર છે. જેથી હોળીના બીજા દિવસે ધુળેટીના દિવસે ખુશીથી એકબીજાને રંગીને ખુશી વ્યકત કરે છે. નાના બાળકો એકબીજા પર કલરફુલ પાણી છાંટીને દિવસભર આનંદમાં ધુળેટીની ઉજવણીની મોજ માણતા નજરે પડે છે. ધુળેટીનો તહેવારને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ગાંધીનગર શહેરના બજારોમાં છોટાભીમ, બાર્બી ડોલ, એન્ગ્રી બર્ડ, એરગન, વોટર ટેન્ક, માછલી તેમજ ઘોડાની પ્રતિકૃતિની પીચકારી, સહિત અત્યારના જમાનાના બાળકો મોબાઈલ પાછળ ઘેલા છે જેને પગલે આ વર્ષે બજારમાં આઈફોનની પીચકારી બાળકોમાં હોટ ફેવરીટ છે. જયારે ૫ લીટર પાણીની ક્ષમતાવાળી મોટા બાળકો માટેની વોટર ટેન્ક પીચકારી પણ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. શહેરના બજારોમાં રૂ ૩૦ થી લઈને ૬૦૦ સુધીની પીચકારીઓ વિવિધ વેરાયટીમાં હાજર સ્ટોકમાં છે ત્યારે બજારમા પણ પોતાના વ્હાલસોયા બાળકો માટે વાલીઓ ધુળેટીની ઉજવણી માટે પીચકારીઓ ખરીદતા બજારમાં નજરે પડે છે.



## શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે હોળી પ્રાગટય અને ફૂલ ડોલ ઉત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

સેકટર-૨૧ સ્થિત શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે આગામી તા. ૨૩મી માર્ચના રોજ હોળી પ્રાગટય અને ફૂલ ડોલ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ હોળી પ્રદીપન સવારે ૬.૪૫ કલાકે, મંગળાદર્શન સવારે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન શૃંગાર સવારે ૯.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન યોજાશે.

આ ઉપરાંત ફૂલડોલ ઉત્સવનો પહેલો ખેલ સવારે ૧૧.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન બીજો ખેલ ૧૨.૩૦ થી ૧.૦૦, ત્રીજો ખેલ ૧.૩૦ થી ૨.૦૦, ચોથો ખેલ ૨.૩૦ થી ૩.૦૦ કલાક સુધી યોજાશે તથા ઉત્થાપન અને સંધ્યા આરતી ભીતરમાં થશે અને શયન આરતી ૭.૦૦ કલાકે કરવામાં આવશે. આ ધાર્મિક ઉત્સવનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને સમાજના મંત્રી રસિકભાઈ ગાંધીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જયંતિભાઈ બાલકદાસ સાધુ, ઉ.વ.૫૫
- સ્વ. પોપટભાઈ વશરામભાઈ દંતાણી, ઉ.વ.૩૭
- સ્વ. ભગવતીબેન રમેશભાઈ દરજી, ઉ.વ.૫૪